Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

# 'દ્રૌપદી': ભારતીય નારીચિત્રણનું નવું પરિમાણ

**Shaikh Mobin Basir Ahmad**
Ph.D. Scholar, V.N.S.G.U., Surat

---

ભારતીય સાહિત્ય પરંપરામાં નારી હંમેશા કેન્દ્રસ્થાને રહી છે. પ્રાચીન મહાકાવ્યોથી માંડી આધુનિક નવલકથાઓમાં સ્ત્રીના વિવિધ રૂપોનું આલેખનથતું આવ્યું છે.જોકે,સમયની સાથે સાહિત્યમાં નારીને જોવાની અને તેને આલેખવાની દ્રટિમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. શરૂઆતના સાહિત્યમાં જ્યાં નારીને માત્ર ત્યાગ,સહનશીલતા અને આદર્શની મૂર્તિ તરીકે ચીતરવામાં આવતી; ત્યાં સાંપ્રત સાહિત્યમાં તે પોતાના અસ્તિત્વ, અધિકારો અને મનોજગત વિશે પ્રશ્નો કરતી જોવા મળે છે.આપરિવર્તનના પ્રતિક સમી કૃતિ એટલે ઓરિસ્સાના પ્રમુખ લેખિકા પ્રતિભારાયની 'યાજ્ઞસેની'(૧૯૮૪)નવલકથા. જેનો ગુજરાતી અનુવાદ જયા મહેતા એ 'દ્રૌપદી'(૧૯૯૫)નામે કર્યો છે.પ્રતિભા રાયનો જન્મ ઓરિસ્સાના મધ્યમ વર્ગના કુટુંબમાં થયો હતો તેમના પિતા વ્યવસાયે શિક્ષક હતા અને કવિતા લખતાં તેથી તેઓનો સાહિત્ય સર્જનનો પ્રભાવ પડ્યો. તેમની અઢાર જેટલી નવલકથાઓ અને દસ વાર્તાસંગ્રહો ઉડિયા ભાષામાં પ્રગટ થયા છે. તેમની કૃતિઓ અંગ્રેજી,હિન્દી, ગુજરાતી, બંગાળી, તેલુગુ જેવી ભાષાઓમાં અનુવાદિત થઈ છે. તેમની રચનાઓ પરથી ઘણી ફિલ્મો બની છે તથા તેમને ઘણાં પુરસ્કાર પ્રાપ્ત થયા છે. 'યાજ્ઞસેની' માટે તેમને ભારતીય જ્ઞાનપીઠનો 'મૂર્તિદેવી પુરસ્કાર' અને ઓરિસ્સાનો અતિ ખ્યાત 'સરલા એવોર્ડ' મળેલ છે.

મહાભારતની દ્રૌપદી ભારતીય માનસમાં એક અત્યંત પ્રભાવશાળી પણ અનેક રીતે અન્યાય પામેલી નારી તરીકે અંકિત છે. પ્રતિભા રાયે આ નવલકથામાં  દ્રૌપદીના પાત્રને માત્ર એક પૌરાણિક પાત્ર તરીકે નહીં, પરંતુ એક એવી આધુનિક સ્ત્રી તરીકે રજૂ કરી છે જે પિતૃસત્તાક સમાજની મર્યાદાઓ વચ્ચે પણ પોતાના 'સ્વને' શોધવાનો પ્રયત્ન કરે છે.પ્રસ્તુત સંશોધન લેખમાં દ્રૌપદી નવલકથાના માધ્યમથી ભારતીય સાહિત્યમાં નારીના ચિત્રણના બદલાતા પ્રવાહોને તપાસવાનો પ્રયત્ન કર્યો છે. આ કૃતિ કઈ રીતે એક પૌરાણિક કથા હોવા છતાં આજના

યુગની નારીની સંવેદના તેના આંતર દ્વંદ્વ અને તેની અસ્મિતાને વાચા આપે છે, તે આ લેખનો મુખ્ય વિષય છે.

'દ્રૌપદી' નવલકથા મહાભારતની મૂળ દ્રોપદીના પાત્રને ઉજાગર કરે છે. આખી કથા કથન રૂપે દ્રૌપદીના મુખે જ કહેવાઇ છે. આ નવલકથાની નાયિકા પણ દ્રૌપદી જ છે. દ્રૌપદીને લેખિકાએ આજના સમયની આધુનિક નારીઓનું પ્રતિનિધિત્વ કરતી આલેખી છે. નવલકથાની શરૂઆત 'ઇતિ' દ્વારા થાય છે. પત્રશૈલીમાં લખાયેલી આ નવલકથામાં દ્રોપદી તેના સખા-કૃષ્ણને સંબોધીને વાત કરે છે. કૃષ્ણને સમર્પિત અને પાંચ પાંડવો ને વરેલી દ્રોપદી અનેક દિશાઓમાં વિભાજીત છે. દ્રૌપદીના પાત્ર દ્વારા નારી મનની વાસ્તવિક પીડા, સુખ–દુ:ખ અને વ્યક્તિગત આંતર સંબંધોની જટિલતાને ઊંડાણથી પકડવાની નેમ આ કૃતિમાં લેખિકાએ કરી છે. માયાજેવુંકાલ્પનિકપાત્રનુંનિરૂપણપણઆનવલકથામાંથયુંછે.યજ્ઞવેદીમાંથી જન્મેલી અને સ્વયં જ્વાળામુખી થઈને જીવેલી દ્રૌપદીના જીવનની અહીં વાત રજૂ થઈ છે.

કથાની શરૂઆત હિમાલય તરફ પ્રયાણ કરતી વખતે દ્રૌપદીનો પગ લપસતાં નીચે પડી મૃત્યુની ક્ષણે ઊભેલી દ્રૌપદી પ્રિય સખા કૃષ્ણને પોતાની જીવનગાથા કહેતી હોય તે રીતે થાય છે. પોતાના જન્મની વાત કરતા તે કહે છે, "મારો જન્મ પિતાના વીર્યથી નહોતો થયો. પ્રતિજ્ઞા પૂરી કરવા માટે રચેલા યજ્ઞની વેદીથી થયો હતો જન્મતાં પહેલા જ પિતાના અપમાન નો બદલો લેવા લાચાર! આ પૃથ્વી પર ધર્મરક્ષા અને દુષ્ટનાશનું અસ્ત્ર બનવાની છું એ માટે પૃથ્વી પર આવી છું .શું યુગે યુગે ધર્મરક્ષા અને દુષ્ટસંહાર માટે નારી એ જ માધ્યમ થવું પડશે?"[1]

આમ કથાની શરૂઆતથી જ દ્રૌપદી પોતાની સાથે થયેલા અન્યાય, અસમાનતા અને અત્યાચાર વિરુદ્ધ પ્રશ્નો કરતી નજરે ચડે છે. તેના જન્મ પાછળના ઉદ્દેશ્ય વિશે તે સભાન છે. તેથી તેના પરિણામ વિશે વિચારતા કહે છે કે, "ધર્મરક્ષા અને કૌરવોનો વિનાશ મારા જન્મનું લક્ષ્ય! સુખની કલ્પનામાં ડૂબતાં ડૂબતાં મારું મન કોઈ અજાણી આશંકા થી ધ્રુજી ઉઠે છે. હાથ જોડીને પછી આંખ વીંચીને પ્રાર્થના કરી, "હે ! ભગવાન પૃથ્વી પર ધર્મરક્ષા માટે જો મારો જન્મ

[1]'દ્રૌપદી', જયા મહેતા, પૃ. ૦૫.



થયો હોય તો જેટલા કલંક  જેટલા અપમાન આપવા હોય એટલા આપો પણ એ બધું સહન કરવાની શક્તિ પણ આપો"[2]

ધર્મરક્ષા તેની પ્રાથમિક ફરજ છે તે એ જાણે છે. જ્યારે સ્વયંવર યોજાય છે તે સમયે જ અર્જુનને મનમાં પોતાના પતિ તરીકે વરી ચૂકે છે પિતા દ્રુપદ પણ એવું જ ઈચ્છતા હોય છે કે પાંચાલનરેશના જમાઈ અર્જુન જ બને છતાં પણ દ્રોપદી સ્વયંવરમાં માછલીની આંખ વિંધવાની શરત મૂકવામાં આવે છે. અનેજગત ભરના રાજકુમારો અને રાજાઓને બોલાવવામાં આવે છે. તે સમયે દ્રૌપદીના વિચાર જુઓ,"પિતાનીઆઅભિનવશરતજોઈને મને લાગે છે કે જાણે પિતા મનમાં ઈચ્છા છે કે હું ચિરકુમારી રહું એમના ધર્મકાર્યમાં સાથ આપીને ધર્મરક્ષામાં મંડી રહું નહીં તો આવી શરત શું કામ રાખે? કેમ? ખુદ ભગવાન પણ આ શરત પૂરી ના શકે"[3]આવી અઘરી શરત મૂકવા પર પણ તેને પ્રશ્ન છે. આ ઉપરાંત કથામાં દ્રૌપદીને પોતાના માટે યોગ્ય વર પસંદ કરવામાં, તેનું કૂળગૌત્ર વગેરે પસંદ કરવામાં સ્વતંત્ર નારીની છબી ઉપસાવે છે. સ્વંયવરમાં અર્જુન જ્યારે દ્રૌપદીને જીતે છે ત્યારબાદ માતા કુંતી પાસે આશીર્વાદ માટે જાય છે ત્યારે માતાના વગર જોયે બોલેલા સંવાદથી તેનું જીવન જ બદલાય જાય છે. માતા કુંતીના શબ્દો જુઓ, "બેટા! જે લાવ્યા છો એ પાંચે ભાઈઓ સરખે ભાગે વહેંચી લો."[4]આ વાક્યથી પાંચે ભાઈઓ અને દ્રૌપદી સ્તબ્ધ થઈ જાય છે અને કુંતી બહાર આવવા પછી ચિંતાતુર બને છે ત્યારે એ વાતનું સમર્થન કરતા યુધિષ્ઠિર કહે છે કે, માતાનું આજ્ઞાનું પાલન થશે અને અમે પાંચે ભાઈઓ દ્રૌપદી સાથે લગ્ન કરીશું

તે સમયે પણ દ્રૌપદી વિદ્રોહ કરતી નજરે ચડે છે તે જુઓ, "હું અંદરને અંદર વિદ્રોહ કરી ઉઠી. તો શું મારો પોતાનો કોઈ મત નહીં? સ્વયંવર નો અર્થ પછી શું રહ્યો? શા માટે પિતાએ આવી મહત્વની શરત રાખી? આ ભાઈઓએ મારી સાથેની લગ્નની કઈ શરત પૂરી કરી છે? હું એકના ગળામાં વરમાળા પહેરાવી ચૂકી છું. ન્યાય અનુસાર, ધર્મ અનુસાર એ જ મારા પતિ છે.

2દ્રૌપદી', જયા મહેતા, પૃ. ૦૫.

3દ્રૌપદી', જયા મહેતા, પૃ. ૧૯.

4દ્રૌપદી', જયા મહેતા, પૃ. ૦૫.

એમણે વિજય મેળવ્યો છે. બીજા ભાઈઓને પતિરૂપે શા માટે સ્વીકારું? એમાં મારા ધર્મનો નાશ નહીં થાય? એક સ્ત્રી પાંચ પુરુષોની પત્ની બનીને રહે એ હાસ્યસ્પદ છે. મારી સિવાય આવો બીજો કોઈ દ્રષ્ટાંત પણ પૃથ્વી પર નહીં હોય. આવા આસન્માનને શા માટે ચૂપચાપ સ્વીકારી લઉં?હું શું નિર્જીવ પ્રતિમા છું? મારા સૌંદર્ય પ્રત્યે કામાતૂર, વિચાર–બુદ્ધિરહિત આ ભાઈઓ મારી પર પોતાનો ઈચ્છા અનુસાર અધિકાર સિદ્ધ કરશે અને હું એ સ્વીકારી લઈશ?”[5]આવા અનેક પ્રસંગે દ્રૌપદી પોતાને થયેલા અન્યાય સામે અવાજ ઉઠાવતી રહે છે.

પ્રાચીન કાળથી પુરુષ પ્રધાન સમાજમાં નારી દબાતી આવી છે. મહાભારતમાં યુધિષ્ઠિર અને દુર્યોધન વચ્ચેની ધૃતક્રીડામાં જ્યારે યુધિષ્ઠિર તેનું સમગ્ર હારી જાય છે ત્યારે તે પોતાની પત્ની દ્રૌપદીને પણ દાવ પર મૂકી હારી જાય છે મહાભારતનો આ પ્રસંગ પ્રતિભા રાયે ખૂબ જ આકર્ષક રીતે રજૂ કર્યો છે. મહાભારતની દ્રૌપદી સમસ્ત સભા વચ્ચે માત્ર નિરાધાર બનીને તેના મિત્ર કૃષ્ણને યાદ કરે છે જ્યારે પ્રતિભા રાયની દ્રૌપદી સમસ્ત સભા વચ્ચે વિવાદ કરે છે, પ્રશ્ન કરે છે. તે સંદર્ભે દ્રૌપદીના બોલ જુઓ, “હું કોઈ દયા કે ભીખ નથી માંગતી. ન્યાય માંગુ છું, નારીના સન્માનનું રક્ષણ કરવું એ રાજધર્મ છે; તો પોતાના વંશની કૂળવધૂની મર્યાદા ન જાળવવી કુરુ રાજાઓને શોભા આપે? હું જાણવા માગું છું કે મારા પતિ પોતાને હારી ગયા પછી મને દાવમાં મૂકે, એ શું એમનું ન્યાયસંગત કાર્ય છે?”[6]

તેના આ પ્રશ્નનો જવાબ ભીષ્મ આપે છે ત્યારે ભીષ્મ સાથે સંવાદ કરતી બોલે છે કે, “મારા પતિ યુધિષ્ઠિર ફક્ત ધર્માત્મા જ નથી તે અત્યંત સરળ અને સદાચારી છે. એમને સરળતાનો લાભ ઉઠાવીને અન્યાયની રમતમાં હરાવવામાં આવ્યા છે. રાજા સાથે રાજા જ રમી શકે પણ કપટી શકુનિ દુર્યોધન માટે રમ્યા. ધૃતક્રીડામાં એકની જગ્યાએ બીજો ન રમી શકે, આટલું જાણવા પછી પણ ગુરુજનો વિચારે છે કે હું કૌરવોની દાસી બની ગઈ?”[7]

---

5દ્રૌપદી', જયા મહેતા, પૃ.૩૮

6‘દ્રૌપદી', જયામહેતા,પૃ.૧૫૬.

7‘દ્રૌપદી', જયામહેતા,પૃ.૧૫૬.

આમ સમગ્ર કથામાં નારીશક્તિનું પ્રતિબિંબ પાડતી દ્રૌપદી પોતે સમગ્ર જીવનમાં કઈ કઈ રીતે અન્યાય પામી તેની સાથે સંકળાયેલા દરેક પાત્રએ તેની સાથેના વર્તનથી કંઈક ને કંઈક શીખીને તેણે પોતાની ઉદારતા બતાવી છે. ભરી સભામાં તેને નિર્લજ્જ કરવા પછી જ્યારે એને વરદાન આપવામાં આવે છે ત્યારે પણ દ્રૌપદી પાંડવોનું હિત ઇચ્છે છે ત્યારે તેનામાં રહેલી સહનશીલતા બહાર આવે છે.સમગ્ર જીવન તેણે પોતાની અનેક વિટંબણાઓમાં પસાર કર્યું છે તેનો આલેખ પ્રતિભારાયે તેમની આ નવલકથામાં આપ્યો છે. મહાભારતના અનેક પ્રસંગોમાંથી દ્રૌપદીના પાત્રને લગતા પ્રસંગોની છણાવટ કરી એક સંપૂર્ણ નવલકથા આપી પ્રતિભા રાયે દ્રોપદીના પાત્રને ભારતીય માનસપટ પર ખુલ્લું મૂક્યું છે.

નવલકથાના અંતે મૂળ મહાભારતની દ્રૌપદી કરતાં પ્રતિભારાયની દ્રૌપદી કરતાં ઊંચું સ્થાન પ્રાપ્ત કરતી નજરે ચડે છે. કૃષ્ણ સાથેના સંવાદમાં અંતે જયારે વિશ્વકલ્યાણની ભાવના સેવતી દ્રૌપદી પાંચ બાબતો માંગે છે ત્યારે એક વાચક તરીકે અને એક માનવ તરીકે આપણે દ્રૌપદીને માન આપવા મજબુત બનીએ છીએ.

૧) હે કૃષ્ણવાસુદેવ! મારા જીવનમાં જે બની ગયું, એવું બીજું કોઈ નારીના જીવનમાં ન બનો. ક્યારે કોઈ નારી એકસાથે એકથી વધુ પતિ ન કરે. એવું શાસ્ત્રવચન કરીદો. પોતાને અવિભક્ત કરીને વિભક્ત થવાનું દુઃખ હું. જાણું છું.

૨)દયામય કૃષ્ણ શત્રુને પણ પુત્ર શોક ન દેશો. એનાથી વધારે બીજો કોઈ શોક સંસારમાં નથી મારા કરતાં વધુ એ કોણ જાણે છે.

૩)સભામાં જે અત્યાચાર મારી પર ગુજારવામાં આવ્યો એવી યાતના પૃથ્વી પર કોઈ નારીને ન આપશો.નારીને ન રૂપ આપો પણ પુરુષને આટલો કામાંધ ન કરો.

૪)આ જગત માટે, કળિયુગના આગામી વંશજો માટે. હે પરમ કલ્યાણકારી કૃષ્ણ! મેં એક યુદ્ધ સહ્યું છે. ધરતી માતાનો વિલાપ મારું જનની હૃદય હજીયે સાંભળી શકે છે. એટલી વિનંતી છે– જાતિ, ધર્મ, ભાષા, વર્ણને કારણે હસ્તિના અને ઇન્દ્રપ્રસ્થની જેમ કોઈ દેશના ટુકડા ન થાય. આપની સૃષ્ટિની વિચિત્રતા છે વિષમતા. એને કારણે દેશની અખંડતા, એકતા, પવિત્રતા નષ્ટ ન થઈ જાય વિશ્વની બધી વિસમતાઓ છતાં પૃથ્વી પર મહાયુદ્ધ ક્યારેય ન થાય મહાયુદ્ધનું

પરિણામ ભોગવી ચુકી છું. યુદ્ધ ઝઝૂમતા બંને પક્ષને નુકસાન થાય છે. જીતનાર અને હારનાર બંને સ્વજન– મિત્રરહિત થઈ જાય છે. સભ્યતા, સંસ્કૃતિ ધન, જીવનનો લોપ થઈ જાય છે.

૫)સખા! પાંચ પતિની નાયિકા, પાંચાલ દેશની રાજકુમારી, પાંચ પુત્રની જનની. હું પાંચાલી છું. પાંચમી માંગણી પણ પૂર્ણ કરીશ. મારી પાંચમહાભૂતની કાયાનું અંતિમ પર્વ! છેલ્લી વાત શી હશે? મોક્ષ? સ્વર્ગ? મુક્તિ? આજ તો જીવાત્માની માંગણી છે. પણ મારી માંગણી ઉલટી છે. હું મોક્ષ નથી ઈચ્છતી. સ્વદેહે સ્વર્ગ નથી માંગતી, મુક્તિ પણ નહીં. હું તો 'પૂનર્જન્મ' ઇચ્છું છું.

દ્રૌપદીનાપાત્ર વિશે સુરેશ દલાલ નોંધેછે કે, "ભારતમાં મહાભારત વિરલ છે અને મહાભારતમાં સ્ત્રી-પાત્રોમાં દ્રૌપદી વિરલ છે. યજ્ઞની જ્વાળામાંથી જન્મેલી અને સ્વયં જ્વાળામુખી થઈને જીવેલી દ્રૌપદીનો અંત બરફની ભૂમિમાં આવે છે એમાં વિધિની વક્રતા છેકે આયોજન છે એ અટકળનો અકળ વિષય છે."[8]

આમ, સમગ્ર નવલકથામાં મહાભારતની દ્રૌપદીના જીવનમાં આવેલા અનેક દુઃખદ પ્રસંગોને વણી આધુનિક સમયની નારીના પ્રતિબિંબરૂપે દ્રૌપદીને મૂકી આપી છે. સમગ્ર નવલકથામાં અનેક અત્યાચારો સમક્ષ દ્રૌપદી ખૂબ મક્કમતાથી વિરોધ કરે છે, પોતાના અધિકારની વાત કરે છે તે અમુક પ્રસંગે નિર્ણય લઈને દુઃખી પણ થાય છે પરંતુ છતાં અન્યાય સામે ઊભી રહે છે એજ આજની આધુનિક નારીનું ઉત્તમ ઉદાહરણ છે.

## References

ચૌહાણ, ડૉ.સુચિ. "From Subjugation to Power : A Feminist Analysis of Draupadi in Pratibha Ray's Yajnaseni." *international journals of learning Research Publication (IJLRP)* (2025). ENGLISH.

"નારીત્વનુંએકઆહ્વાન 'યાજ્ઞસેની'." *સાહિત્યસેતુ*(૨૦૧૧ ).

મહેતા, જયા. *દ્રૌપદી.* ઈમેજપબ્લિકેશન્સપ્રા.લિ., ૧૯૯૫ .

8'પ્રાચીનપાત્ર: અર્વાચીનઅર્થઘટન', સુરેશદલાલ.